# શાળા અંગેની માહિતી

બરોડા લાયન્સ કલબ એજ્યુકેશન ટ્રસ્ટ





બરોડા હાઈસ્કૂલ.....

શિક્ષણ ક્ષેત્રે સદા ગૂંજતુ નામ.....

સંસ્કારી નગરી વડોદરામાં આવેલ બરોડા હાઈસ્કૂલ શિક્ષણ જગતમાં ખૂબ જ સન્માનનીય સ્થાન પામેલ છે. બરોડા લાયન્સ કલબ એજ્યુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ બરોડા હાઈસ્કૂલની પાંચ શાળાઓ જુદા-જુદા વિસ્તારમાં કાર્યરત છે. જેમાંથી એક માત્ર દંતેશ્વર શાળા ગુજરાતી માધ્યમ ધરાવે છે. જ્યાં પૂર્વ પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે. જૂન ૨૦૧૯ થી શાળામાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવેલ છે.

શાળાની શરૂઆત વર્ષ ૧૯૯૬માં થઈ. જૂન ૨૦૧૭થી શાળામાં આધુનિક સગવડોથી સજ્જ એવી બીજી બિલ્ડીંગનો શુભારંભ થયેલ છે. જેમાં અત્યાધુનિક સુવિધાઓ જેવી કે, સાઉન્ડ પ્રુફ એ.વી.રૂમ, આધુનિક કોમ્પ્યુટર લૅબ, આર્ટ એન્ડ ક્રાફટ રૂમ, મ્યુઝિક રૂમ, વિવિધ રમત-ગમતના સાધનો સહિતનો સ્પોર્ટ્સ રૂમ, લાયબ્રેરી, સાયન્સ લેબ, અદ્યતન સુવિધા ધરાવતું ઓડિટોરીયમ ઉપરાંત યોગા રૂમ, વિશાળ વર્ગખંડો તથા સુવિધાજનક રમત-ગમતનું મેદાન જેમાં વોલીબોલનું મેદાન, ફૂટબોલનું મેદાન, હોકી નું મેદાન, કબડ્ડીનું મેદાન, ખો-ખોનું મેદાન નો સમાવેશ થાય છે. કે.જી. વિભાગના નાના બાળકો માટે વિવિધ રમત-ગમતના સાધનો, શૈક્ષણિક સાધનો, એક્ટિવીટી રૂમ, એ.વી. રૂમ, સેન્ડપીટ, પ્લે એરિયાની સુવિધા છે. શાળા કેમ્પસ અને દરેક વર્ગખંડો સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ છે.

શાળા તમામ શૈક્ષણિક સાધનોથી સજ્જ તો છે જ સાથે પર્યાવરણીય સંતુલન પણ ધરાવે છે. શાળામાં પાણીની સગવડતાના ભાગ રૂપે કુવો, બોરની સુવિધા છે. ઉપરાંત વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે રીચાર્જ બોર કરવામાં આવેલ છે. શાળામાં ૬ પાણી શુધ્ધિકરણ માટેના R.O. પ્લાન્ટ અને કુલર છે. જેથી બાળકોને શુધ્ધ પાણી મળી શકે.

શાળામાં ૮૦૦ થી વધુ વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. જેનું જતન પણ કરવામાં આવે છે. શાળામાં વિદ્યુત ઉર્જાના બચાવના ભાગ રૂપે ૨૫ KV ની સોલાર પેનલ નાખવામાં આવી છે. આ સૌર ઉર્જાથી શાળામાં વિજ વપરાશ થાય છે.